## ગાંજા પ્રકરણમાં સુરતનો કોલેજિયન યુવક ઝડપાયો

**ગત** નવેમ્બરમાં અંકલેશ્વરમાં રૂ.2.25 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો

અંકલેશ્વર: ભરૂચ એસ.ઓ.જી. પોલીસે ગત નવેમ્બરમાં અંકલેશ્વરની રાજપીપળા ચોકડી વિસ્તારમાં ટ્રેપ ગોઠવી હાયબ્રિડ ગાંજાના જથ્થા સાથે બે આરોપીને ઝડપી પાડ્યા હતા. આ ગુના સંદર્ભે વધુ એક આરોપીની સુરત ખાતેથી અટકાયત કરી હતી.

એસ.ઓ.જી. પોલીસને મળેલી બાતમીના આધારે ગત તા.5 નવેમ્બરે અંકલેશ્વરની રાજપીપળા ચોકડી નજીક મેટ બ્લેક એક્ટિવા પર ગાંજાનું વેચાણ કરતા આકાશ યાદવને ઝડપી પાડ્યો હતો.

તેની તલાશી દરમિયાન 376 ગ્રામ સામાન્ય ગાંજો તથા ૫૯ ગ્રામ હાયબ્રિડ ગાંજો મળી આવ્યો હતો. પોલીસ પૂછપરછમાં આકાશ યાદવે ગાંજો ભરૂચના વિવેક ચૌહાણ પાસેથી મેળવ્યો હોવાનું કબૂલ કર્યું હતું. એસ.ઓ.જી. પોલીસે જે-તે સમયે વિવેક ચૌહાણની પણ ધરપકડ કરી હતી. બંને સામે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ બંને આરોપીએ આ ગાંજાનો જથ્થો સુરત ખાતેથી ખરીદ્યો હતો. આ ગુનામાં સંડોવાયેલા વધુ એક આરોપી મંથન સંજીવકુમાર ચૌહાણ (ઉં.વ.21) (રહે.,નાનપુરા, સુરત)ને અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે સુરત ખાતેથી અટકાયત કરી છે. પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીએ હાયબ્રિડ ગાંજો સુરતના દેવર્ષિ વાંકાવાલા મારફતે મેળવવામાં આવ્યો હોવાનું જણાવ્યું છે. તેણે જે તે સમયે હાઈબ્રીડ ગાંજાનો જથ્થો સુરતના દેવર્ષિ વાંકાવાલાએ વંશ ઉદાશી પાસેથી મેળવી તે ગાંજો તા.4/11/2025ના રોજ ઓલપાડ સુરત, બાયપાસ બ્રેકર પાસે આપવા માટે મોકલ્યો હોવાની કબૂલાત કરી હતી. હાલ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે વધુ તપાસ માટે આરોપીની પોલીસ કસ્ટડીની માંગ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પકડાયેલો આરોપી મંથન ચૌહાણ સુરતની કોલેજમાં અભ્યાસ કરે છે.

## ઝઘડિયામાં 'સિલિકા'નો કાળો ખેલ

**ગેરકાયદે** ખનન અને સિલિકા પ્લાન્ટ્સના પ્રદૂષણથી ગ્રામજનો ત્રાહિમામ

**'પેસા** એક્ટ'ના ઉલ્લંઘન અને સ્થાનિકોની રોજગારી છીનવાતાં ઉગ્ર આંદોલનની ચીમકી



ભરૂચ: ઝઘડિયા તાલુકામાં ખનીજ માફિયાઓ અને પ્રદૂષણ ફેલાવતા સિલિકા પ્લાન્ટ્સ સામે સ્થાનિક નાગરિકોએ રણશિંગુ ફૂંક્યું છે. ગેરકાયદે ખનન અને પર્યાવરણના વિનાશ સામે આજે જાગૃત નાગરિકોએ કલેક્ટર અને જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર પાઠવ્યું છે.

ઝઘડિયાના આમોદ, રાજપારડી અને ભીમપોર વિસ્તારમાં લાંબા સમયથી ચાલી રહેલા ગેરકાયદે ખનન અને બેફામ પ્રદૂષણ સામે હવે જનતા મેદાનમાં આવી છે. સ્થાનિકોનો આરોપ છે કે 'સિન્ડિકેટ' દ્વારા ચાલતી આ પ્રવૃત્તિઓથી આદિવાસી અને મધ્યમવર્ગીય પરિવારોની રોજગારી છીનવાઈ રહી છે. GMDC-આમોદ વિસ્તારમાં લિગ્નાઈટ માટે ફાળવેલી જમીન પર ખાનગી કંપનીઓ દ્વારા સિલિકા સેન્ડનું ખનન કરી બંધારણીય જોગવાઈઓ અને 'પેસા એક્ટ'નું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે.

સિલિકા વોશિંગ પ્લાન્ટ્સ દ્વારા હવામાં ઝેરી રજકણો અને જમીનમાં કેમિકલયુક્ત પાણી છોડવામાં આવે છે, જેનાથી સ્થાનિકો અને પશુ-પક્ષીઓના સ્વાસ્થ્ય પર જોખમ ઉદભવ્યું છે. આવેદનમાં ગંભીર આક્ષેપ કરાયો છે કે જો કોઈ આ પ્રવૃત્તિ સામે અવાજ ઉઠાવે, તો ખનીજ માફિયાઓ દ્વારા તેમને 'ગાડી ચડાવી દઈ જાનથી મારી નાંખવાની' ધમકી ઉચ્ચારવામાં આવે છે અને સ્થાનિક ટ્રક માલિકોને બદલે બહારની મોટી ગાડીઓને પ્રાધાન્ય આપી સ્થાનિકોના મોંમાંથી કોળિયો છીનવી રહ્યા છે. વધુમાં સ્થાનિકોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી સમયમાં આ બાબતે તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં નહીં આવે, તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

## 'અમારી સામે કેમ જુઓ છો' કહી યુવક પર હુમલો

**અનાવલમાં** આદિવાસી યુવક પર પાઈપ વડે હુમલો કરનારા બે સામે ફરિયાદ

અનાવલ: અનાવલ ગામે જાતિવિષયક અપમાન કરી એક આદિવાસી યુવકને લોખંડના પાઈપ વડે માર મારી જાનથી મારી નાંખવાની ધમકી અપાતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. આ મામલે મહુવા પોલીસે બે શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. મૂળ લસણપોર ગામમાં રહેતા ૨૬ વર્ષીય હેમંતભાઈ ઈશ્વરભાઈ પટેલ ક્રેડિટ કાર્ડ કલેક્શનનું કામ કરે છે. ગત ૪ જાન્યુઆરીએ સાંજે તેઓ અનાવલના ડીગ્રીમોરા ફળિયામાં મિત્ર મિતુલ સાથે એક દુકાને ઊભા હતા. ત્યારે સ્થાનિક રહેવાસી સાદીક સમસુદીન શેખ અને માવિયા અબ્દુલગફાર પઠાણે 'અમારી સામે કેમ જુઓ છો' કહી ગાળાગાળી શરૂ કરી હતી. બાદ રાત્રે આશરે ૮:૩૦ વાગ્યે જ્યારે હેમંતભાઈ મોટરસાઇકલ પર પસાર થઈ રહ્યા હતા, ત્યારે આ બંને શખ્સે તેમને રસ્તામાં આંતર્યા હતા. આરોપીઓએ તેમને જાતિવિષયક અપમાનજનક શબ્દો કહી, સાદીક શેખે લોખંડના પાઈપ વડે ફરિયાદીના ડાબા હાથ પર હુમલો કર્યો હતો. અન્ય આરોપી માવિયા પઠાણે ગડદાપાટુનો માર મારી ભવિષ્યમાં જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ મામલે પોલીસે બંને આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. આ કેસની વધુ તપાસ નાયબ પોલીસ અધિક્ષક ચિરાગકુમાર વાડદોરીયા ચલાવી રહ્યા છે.




## 'જીઓ ઔર જીને દો': કૂતરાંને બચાવવા ડોગલવર્સ મેદાને પડ્યા

**ભરૂચમાં** મુસ્કાન અને સાર્થક ટ્રસ્ટના બેનર હેઠળ કાર્યકર્તાઓએ દેખાવો કર્યા

ભરૂચ: શહેરમાં વધતા જતા કૂતરાઓ પરના અત્યાચાર અને તેમની સાથે થતા અમાનવીય વર્તન વિરુદ્ધ ભરૂચમાં ડોગલવર્સો મુસ્કાન ચેરિટેબલ ટ્રસ્ટ અને સાર્થક ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટની આગેવાનીમાં મેદાને ઊતર્યા છે. સ્ટેશન રોડ પર 'જીઓ અને જીને દો'ના નારા સાથે આયોજિત વિરોધ પ્રદર્શનમાં તેમણે કૂતરાઓને બચાવવાની માંગ કરી હતી.

સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદાને ટાંકીને ટ્રસ્ટના પ્રતિનિધિઓએ જણાવ્યું કે, ભારતીય સંવિધાનના આર્ટિકલ 51-એ મુજબ દરેક જીવને જીવન જીવવાનો અધિકાર છે, પછી તે માનવ હોય કે પ્રાણી. 'માનવ અને પ્રાણીઓને સમાન અધિકાર મળ્યો છે, પરંતુ આ ચુકાદા પછી પણ ઠેર ઠેર કૂતરાઓને માર મારવાના કિસ્સા વધી રહ્યા છે' એમ મુસ્કાન ટ્રસ્ટના એક કાર્યકર્તાએ કહ્યું.

પ્રદર્શનમાં ભાગ લેનારાઓએ સરકારી સંસ્થાઓ પર આક્ષેપ કર્યા કે, કૂતરાઓને દયનીય હાલતમાં ઉઠાવી લેવામાં આવે છે, પરંતુ તેમને રાખવા માટે કોઈ યોગ્ય શેલ્ટર કે સુવિધા નથી. જ્યારે કૂતરાઓને લઈ જવામાં આવે છે ત્યારે તેમનો પરિવાર અને બચ્ચાં વિખરાઈ જાય છે. આ સંવિધાન વિરુદ્ધ છે, એમ તેમણે વધુમાં ઉમેર્યું. ટ્રસ્ટના સભ્યોએ પ્રાચીન ભારતીય પરંપરાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, પહેલાના સમયમાં ઘરમાં પાંચ રોટલીઓ અલગથી બનાવીને કૂતરાં અને ગાયને ખવડાવવામાં આવતી હતી. આ ધરતી ઋષિમુનિઓની છે અને અહીં પ્રાણીઓને આદર આપવો જોઈએ. આજે કૂતરાઓને ઈંટ, પથ્થર અને લાકડીઓથી મારવામાં આવે છે, જેના કારણે તેઓ ક્યારેક આક્રમક બને છે.

પરંતુ જો તમે તેમને બે રોટલી આપશો તો તેઓ વફાદાર બનીને રહેશે એમ સાર્થક ફાઉન્ડેશનના પ્રતિનિધિએ જણાવ્યું હતું. જો કે, કાર્યકર્તાઓએ કૂતરાંના હુમલાનો ભોગ બનનારાઓ અંગે કોઈ ટિપ્પણી કરી ન હતી.

## મંદીમાં બંધ પડેલી કંપનીમાંથી રૂ.4.10 લાખની મતાની ચોરી

**તડકેશ્વરની** દર્શન બોર્ડ લેમ કંપનીમાં પ્રોડક્શન એક વર્ષથી બંધ હતું, તસ્કરો મશીનોમાંથી કોપર કેબલ કાપી ચોરી ગયા

માંડવી: અરેઠના તડકેશ્વર ગામની સીમમાં એક બંધ કંપનીમાંથી તસ્કરો રૂ.4.10 લાખના કોપર કેબલની ચોરી કરી જતાં મામલો માંડવી પોલીસ મથકે પહોંચ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ અરેઠ અને હાલમાં બારડોલીના ધામડોદ રોડની એકવીસ નક્ષત્ર રેસિડન્સીમાં રહેતા મયૂરકુમાર કનુભાઈ પંચાલ તડકેશ્વરમાં બ્લોક નં.1037માં 'દર્શન બોર્ડ લેમ' નામની કંપનીના પ્રોડક્શન વિભાગમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવે છે, તેમણે નોંધાવેલી ફરિયાદ મુજબ બજારમાં મંદી હોવાથી જાન્યુઆરી-2025થી આ કંપનીનું પ્રોડક્શન બંધ હતું. ગત 29 ડિસેમ્બર-2025થી 2 જાન્યુઆરી-2026ના સમયગાળા દરમિયાન કંપનીનો પ્રોડક્શન વિભાગ બંધ હતો, ત્યારે કોઈ અજાણ્યા ઈસમે ખુલ્લા ગેટવાળા વિભાગમાં પ્રવેશી મશીનરી સાથે જોડાયેલા અલગ-અલગ સેક્શન જેવાં કે ડ્રાયર, ફોર્મિંગ, હોટ પ્રેસ અને કટર સેક્શનમાંથી અંદાજે 700 મીટર જેટલા અંદાજે 4,10,000ની કિંમતના કોપર કેબલ કાપી લીધા હતા.

માંડવી પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની આગળની તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર અજયકુમાર કનુજી ઠાકોર ચલાવી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### મૈયાલી પાસે બે બાઈક અથડાતાં એકનું મોત

સોનગઢ: સોનગઢના મૈયાલી ગામની સીમમાં બંધારપાડાથી ટેમ્કા જતા જાહેર રોડ પર ગઇકાલે બપોરે બે બાઇક વચ્ચે સામસામે અથડામણ થઇ હતી. આ બનાવમાં શેરડી કાપવાની મજૂરી કરતા પ્રતાપભાઇ ગોપીચંદભાઇ મુડેકર (ઉં.વ.25) (રહે.,કડમાળ, તા.સુબીર)ને માથાના ભાગે ગંભીર ઇજા થતાં સારવાર દરમિયાન સુરત નવી સિવિલ હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. અકસ્માત સમયે પ્રતાપભાઇ તેમના સસરા વિજયભાઇ નથ્થુભાઇ રડિયા (ઉં.વ.45) સાથે પલ્સર બાઇક નં.(GJ-05-MA-0214) પર જતા હતા. ત્યારે પૂરઝડપે અને ગફલતભરી રીતે ચાલતી સાઇન બાઇક નં.(GJ-05-SK-4549) સામેથી આવી અથડાતા બંને વાહનો રોડ પર પટકાયાં હતાં. આ અકસ્માતમાં વિજયભાઇને મોં, કપાળ તથા પગના ભાગે ઇજા પહોંચી હતી. જ્યારે બીજી બાઇકના ચાલકને પણ ઇજા થઇ હતી. ઘટના બાદ 108 એમ્બ્યુલન્સ દ્વારા ઘાયલોને વ્યારા સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાંથી ગંભીર હાલતમાં પ્રતાપભાઇને સુરત નવી સિવિલ હોસ્પિટલમાં રિફર કરાયા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. આ મામલે વિજયભાઇ રડિયાની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા બાઇકચાલક વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરી છે.

### ભરૂચમાં રોડ પર મૂકેલી બાઇક ચોરાઈ

ભરૂચ: ભરૂચ શહેરના શ્રવણ ચોકડી વિસ્તારમાં નોકરીએ ગયેલા એક યુવાનની પાર્ક કરેલી બાઇક અજાણ્યો ચોર ચોરી કરી ફરાર થઇ ગયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર માંડવી ખાતે રહેતા અને ગોલ્ડી સોલાર કંપનીમાં નોકરી કરતા 34 વર્ષીય સંદીપભાઇ મોહનસિંહ પરમારની માલિકીની હીરો કંપનીની અંદાજિત 15000 રૂપિયાની કિંમતની બ્લેક કલરની સ્પ્લેન્ડર પ્રો બાઇક નં.(GJ-19-AG-4479) છેલ્લા 2 મહિનાથી ભરૂચમાં રહેતો તેમનો ભાણેજ સિધ્ધાર્થ રાકેશકુમાર શાહ વાપરવા માટે લાવ્યો હતો. ગત તા.1/1/2026ના રોજ વહેલી સવારે આશરે 4:45 વાગ્યે સિધ્ધાર્થ શાહ વાગરા વિલાયત સ્થિત બિરલા ગ્રાસીમ કંપનીમાં ઓડિટના કામ માટે જવા નીકળ્યા હતા. તેમણે પોતાની બાઇક શ્રવણ ચોકડી પાસે આવેલી સ્વામીનારાયણ ગુડવીલ સ્કૂલની સામે રોડની સાઇડમાં પાર્ક કરી હતી અને ત્યાંથી કંપનીની બસમાં નોકરીએ ગયા હતા. બપોરે આશરે 3 વાગ્યે જ્યારે તેઓ પરત આવ્યા અને પોતાની બાઇક લેવા ગયા ત્યારે ત્યાં બાઇક મળી આવી ન હતી. આસપાસના વિસ્તારમાં તપાસ કરવા છતાં કોઈ પત્તો ન લાગતાં આખરે બાઇક ચોરી થઈ હોવાનું જણાયું હતું. સંદીપભાઈએ આ મામલે સિટિઝન પોર્ટલ પર ઓનલાઇન ઈ-એફઆઈઆર નોંધાવી હતી.

### દઢાલમાં માળી સમાજનો સ્નેહમિલન સમારંભ

અંકલેશ્વર: અંકલેશ્વરના દઢાલ ગામ ખાતે માળી સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ ભરૂચ-અંકલેશ્વર દ્વારા સમાજનું પાંચમું વાર્ષિક સ્નેહમિલન સંમેલન યોજાયું હતું. આ પ્રસંગે ગુજરાત રાજ્યના પર્યાવરણ અને રક્ષા રાજ્યમંત્રી પ્રવીણ માળી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલનમાં અંકલેશ્વર તથા આસપાસના વિસ્તારોમાંથી માળી સમાજના 500થી 700 જેટલા સમાજબંધુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ભાજપા પ્રમુખ પ્રકાશ મોદી, નગરપાલિકા પ્રમુખ લલિતાબેન રાજપુરોહિત, નોટિફાઇડ એરિયા પ્રમુખ જય તરૈયા, બાજવા પ્રમુખ મનીષભાઈ તેમજ ભરૂચ આરટીઓ પંકજ પટીયાર સહિત અનેક રાજકીય અને સામાજિક અગ્રણીઓએ હાજરી આપી હતી.

### કામરેજમાં 28,600ના ગાંજા સાથે એક ઝડપાયો, સપ્લાયર વોન્ટેડ

પલસાણા: સુરત ગ્રામ્ય સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ દ્વારા નશીલા પદાર્થોની બદીને ડામવા માટે હાથ ધરાયેલા અભિયાન અંતર્ગત બાતમી મળી હતી કે કામરેજ ગામની સીમમાં સહજાનંદ ગ્રીન સિટીમાં નશીલા પદાર્થનું વેચાણ થઈ રહ્યું છે. જેના આધારે પોલીસે બિલ્ડીંગ નંબર એ/૪ના પાંચમા માળે ફ્લેટ નં-૫૦૨માં દરોડો પાડીને સંજયભાઇ હરજીભાઇ ધામેલિયા (ઉંમર ૪૬) નામના ઇસમને ૦.૫૭૨ કિલોગ્રામ ગાંજા કિંમત રૂ.૨૮,૬૦૦ સાથે ઝડપી પાડ્યો છે. આ ઉપરાંત પોલીસે ૧૦,૦૦૦ રૂપિયાની કિંમતનો મોબાઈલ ફોન અને ૨,૬૧૦ રૂપિયા રોકડા મળીને કુલ ૪૧,૨૧૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે તે છેલ્લા ત્રણ મહિનાથી છૂટકમાં ગાંજાનું વેચાણ કરતો હતો. આ નશીલો પદાર્થ તે ખેડબ્રહ્મા ખાતેથી આલોક નામના વ્યક્તિ પાસેથી ખરીદીને લાવ્યો હતો. પોલીસે આલોકને વોન્ટેડ જાહેર કર્યો છે.

## કલમકૂવામાં મહિલા પર ચપ્પુ વડે જીવલેણ હુમલો

**ગામના** જ યુવકે ખેતરમાં શેરડીની કાપણી મુદ્દે વાત ચાલુ કર્યા બાદ અચાનક હુમલો કર્યો

માંડવી: માંડવી તાલુકાના કલમકુવા ગામની સીમમાં મહિલા પર છરી વડે જીવલેણ હુમલાની ઘટના બની છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સરકુઈ ગામે રહેતા ખીતનીબેન વસાવા કલમકુવા ગામે પોતાના ખેતરમાંથી સાંજે પાંચ વાગ્યાના અરસામાં ખેતીકામ પૂર્ણ કરીને ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન કલમકુવા ગામનો રહેવાસી અર્પિતભાઈ નટુભાઈ ચૌધરી ત્યાં પહોંચ્યો હતો. શેરડીની કાપણી બાબતે સામાન્ય પૂછપરછ કર્યા બાદ આરોપી અર્પિત ચૌધરી અચાનક ઉશ્કેરાઈ ગયો હતો. અર્પિતે ખીતનીબેનના માથાના ભાગે ઉપરાછપરી ચપ્પુના ઘા ઝીંકી જમણી આંખની પાંપણ તેમજ સાથળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ખીતનીબેન વસાવાની બૂમાબૂમ સાંભળી આસપાસના લોકો દોડી આવતા અર્પિત ત્યાંથી ફરાર થઈ ગયો હતો. લોહીલુહાણ હાલતમાં ખીતનીબેન વસાવાને પહેલા માંડવી હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર અર્થે બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલના ICU વોર્ડમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે અર્પિત ચૌધરી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## વાલિયા-સિલુડી ચોકડી નજીક બાઈક અડફેટે વૃદ્ધનું મોત

ભરૂચ: વાલિયા તાલુકામાંથી અલગ અલગ અકસ્માતોની 2 ઘટના સામે આવી છે. સિલુડી ચોકડી નજીક બાઈક ચાલકે રાહદારી વૃદ્ધને અડફેટે લેતાં સારવાર મળે એ પહેલા દમ તોડ્યો હતો. તેમજ વાલિયા-નેત્રંગ માર્ગ પર ડુંગેરી ફળિયા સામે રાહદારીને કાર ચાલકે ટક્કર મારતાં તેને ગંભીર ઈજા પહોંચી હતી. વાલિયના વટારિયા ગામના દરગાહ ફળિયામાં રહેતા 65 વર્ષીય ભરતભાઈ હિંમતલાલ જવેરી ગત રવિવારે સમી સાંજના સુમારે પોતાની વાલિયાની સિલુડી ચોકડી પાસે આવેલ બાપા સીતારામ મંદિર સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા. દરમિયાન પૂરપાટ ઝડપે ધસી આવેલ બાઈક નં.(GJ-22,M-3962)ના ચાલકે ચાલકે માર્ગની બાજુમાં ચાલતા ભરતભાઈ જવેરીને જોરદાર ટક્કર મારતાં ફંગોળાઈ દીધા હતા. આ અકસ્માત કર્યા બાદ આ મોટરસાઈકલ રોડ સાઈડ પર પડેલી હોવાથી ચાલક ભાગી ગયો હતો. આ અકસ્માતમાં ગંભીર ઈજા થતાં તેનું કરુણ મોત નીપજ્યું હતું. વાલિયાના ગણેશ કિરાણા સ્ટોર પાસે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. કડિયાકામ પતાવી પરત ફરી રહેલા જોગેન્દ્રભાઈ વસાવાને કાર નં.(MH-46, Z-3029)ના ચાલકે જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં તેમને માથાના ભાગે ગંભીર ઈજા અને પગે ફ્રેક્ચર થતાં હાલ ઝાડેશ્વરની ખાનગી હોસ્પિટલના ICUમાં બેભાન હાલતમાં સારવાર હેઠળ છે. પુત્રી જ્યોત્સ્નાબેન વસાવાની ફરિયાદના આધારે પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### એસ.ટી. વિભાગના ઉદાસીન વલણ સામે રોષ

## રસ્તો પૂર્ણ છતાં સરભોણ હજુ પણ બાયપાસ

**રસ્તાની** કામગીરીને લઈ ડાયવર્ટ કરાયેલો રૂટ હજુ પણ કાયમ રહેતા મુસાફરોને મુશ્કેલી

બારડોલી: બારડોલી તાલુકાના અગત્યના ગણાતા સરભોણ ગામના ગ્રામજનો હાલ એસ.ટી. વિભાગની ઉદાસીનતાનો ભોગ બની રહ્યા છે. ગામમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલું રોડનું કામ હવે પૂર્ણ થઈ ગયું હોવા છતાં, બારડોલી ડેપોની બસો હજુ પણ ગામની અંદર આવવાને બદલે બાયપાસ રોડ પરથી જ પસાર થઈ રહી છે. જેના કારણે મુસાફરો, વિદ્યાર્થીઓ અને નોકરિયાત વર્ગમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જ્યારે ગામમાં રસ્તાનું કામ ચાલતું હતું, ત્યારે સલામતી અને સુવિધાના ભાગરૂપે એસ.ટી. બસોને બાયપાસ રોડ પર ડાયવર્ટ કરવામાં આવી હતી. રસ્તો વાહનવ્યવહાર માટે ખુલ્લો થઈ ગયો હોવા છતાં એસ.ટી. તંત્ર દ્વારા બસોને જૂના રૂટ (વાયા સરભોણ ગામ) પર શરૂ કરાઈ નથી. વહેલી સવારે શાળા-કોલેજ જતા વિદ્યાર્થીઓએ અંધારામાં કે વહેલી સવારે છેક બાયપાસ સુધી લાંબુ થવું પડે છે. નોકરી પર જતાં લોકોએ સમયસર બસ પકડવા માટે હાલાકી ભોગવવી પડે છે. ગામથી બાયપાસનું અંતર વધારે હોવાથી સામાન સાથે ચાલવું મુશ્કેલ બની રહ્યું છે.

સ્થાનિકોની માંગ છે કે બારડોલી ડેપો મેનેજર તાત્કાલિક નોંધ લે અને બસોને ફરીથી ગામની અંદરથી દોડાવવાનું શરૂ કરે. જો આગામી દિવસોમાં સમસ્યાનું નિરાકરણ નહીં આવે ઉગ્ર રજૂઆતની ચીમકી પણ ઉચ્ચારાઈ છે.

### નિઝર તાલુકામાં ટ્રાફિક જાગૃતિ અભિયાન

કુકરમુંડા: તાપી પોલીસ દ્વારા ગતરોજ નિઝરના વાંકા ચાર રસ્તા, નિઝર ટાઉન તથા વેલદા ટાંકી વિસ્તારમાં ટ્રાફિક જાગૃતિ અભિયાન અંતર્ગત પ્રજાજનોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન સોનગઢ પોલીસ સ્ટેશનના ટી.આર.બી. કર્મચારીઓ દ્વારા અસરકારક નુક્કડ નાટક રજૂ કરવામાં આવ્યું હતું.




## ઝઘડિયાની નાઈટ્રેક્સ કંપનીમાં શ્રમિકોના પ્રશ્નો બાબતે ધરણા

**13** પડતર માંગણી સાથે પગાર વધારો, સુરક્ષાનાં સાધનો તથા કાયમી કરવા ધારાસભ્ય ચૈતર વસાવાની માંગ

ભરૂચ: ઝઘડિયા GIDCમાં આવેલી નાઈટ્રેક્સ કેમિકલ કંપનીમાં કામદારોના થતા શોષણ તથા 13 જેટલી વિવિધ માંગણીઓને લઈને આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા શ્રમિકોના સમર્થનમાં કંપનીના મુખ્ય ગેટ પર ધરણાં પર બેસી આ મુદ્દો વધુ ગરમાયો છે.

ઝઘડિયા GIDC વિસ્તારમાં કામદારોના શોષણની ફરિયાદો વારંવાર ઊઠતી રહે છે, પરંતુ નાઈટ્રેક્સ કંપનીના કિસ્સામાં પરિસ્થિતિ વણસતા શ્રમિકોએ આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. કામદારોની મુખ્ય માંગણીઓમાં 3 વર્ષથી વધુ સમયથી ફરજ બજાવતા શ્રમિકોને કાયમી કરવા, ઓવર ટાઈમનું ડબલ વેતન ચૂકવવું અને અનુભવના આધારે પગાર ધોરણ નક્કી કરવાનો સમાવેશ થાય છે.

શ્રમિકોએ માંગ કરી છે કે, 3થી 5 વર્ષના અનુભવીઓને 20,000, 5થી 10 વર્ષના અનુભવીઓને 25,000 અને 10 વર્ષથી વધુ અનુભવ ધરાવતા કામદારોને 30,000 માસિક પગાર આપવામાં આવે. આ ઉપરાંત ગ્રેચ્યુઈટી, મેડિક્લેમ, રજાઓ અને 8.33% બોનસની સાથે પી.એફ. પેટે કંપનીના 13% અને શ્રમિકના 12% હિસ્સાની માંગણી કરવામાં આવી છે. સુરક્ષાના મુદ્દે પણ ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે, જેમાં નવા કામદારોને તાત્કાલિક સેફ્ટી કિટ આપવી અને દર 6 મહિને સેફ્ટી શૂઝ પૂરા પાડવાની વાત છે. વધુમાં ઓપરેટરો પાસે હાઉસ કીપિંગ, ગટર સાફ સફાઈ કે કલર કામ જેવી કામગીરી ન કરાવવા અને પ્લાન્ટમાં ઝેરી ગેસ કે મશીનરીની ખામી સર્જાય ત્યારે તુરંત પ્લાન્ટ બંધ કરી જરૂરી પગલાં લેવાની માંગ કરાઈ છે.

ખાસ કરીને પ્લાન્ટમાં નોક્સ ગેસની અસર વખતે સોડાના ઉપયોગ માટે G.M.ની પરવાનગીની રાહ જોવામાં જોખમ હોવાનું જણાવી સેફ્ટી પ્રોટોકોલ સુધારવા ભાર મૂકવામાં આવ્યો છે.


Milano MULTIPLEX
બારડોલી

Ikkis
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm

Bicharo Bachelor-Gujarati
06:30pm

Avatar: Fire And Ash
10:30am, 09:30pm

Dhurandhar
12:00pm, 02:30pm, 05:00pm, 09:00pm

Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333



**જાહેર નિવિદા- ૨૦૨૫-૨૬**

**જર્જરીત આંગણવાડી ઘર કાટમાળ જાહેર હરાજી**

ગ્રામ પંચાયત ઘેરીયાવાવ, તા. વ્યારા, જી. તાપી ખાતે પટેલ ફળીયામાં આવેલ આંગણવાડી કેન્દ્ર-૧ અને પારસી ફળિયામાં આવેલ આંગણવાડી કેન્દ્ર-૨ ના ઘરો જર્જરીત હાલતમાં છે. જેને તોડીને જૂનો માલસામાન લઈ જવા તથા સદર જગ્યા ચોખ્ખી કરવાનું કામ હરાજીથી આપવા માટે ગ્રામપંચાયત ઘેરીયાવાવ ખાતે તા. ૦૭/૦૧/૨૦૨૬ના રોજ ૧૨.૦૦ કલાકે હરાજી રાખેલ છે.

ઈચ્છુક વ્યક્તિને હરાજીમાં ભાગ લેવા આમંત્રણ છે. હરાજીની બોલીઓ અને શરતો કચેરી સમય દરમ્યાન જાણવા મળશે. તા. ૦૫-૦૧-૨૦૨૬

સહી/- તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત ઘેરીયાવાવ, તા. વ્યારા, જી. તાપી
સહી/- સરપંચશ્રી, ગ્રામપંચાયત ઘેરીયાવાવ, તા. વ્યારા, જી. તાપી



**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૪૩૪/૨૦૨૫
તા.૧૩/૧૨/૨૦૨૫

વાદી :- સુનિતાબેન નરેશભાઈ ગામીત, રહે.આમખુટા, ટેકરા ફળિયું, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૩૦

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી આમખુટા ગ્રામ પંચાયત, તા માંગરોળ, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી સુનિતાબેન નરેશભાઈ ગામીત, રહે. આમખુટા, ટેકરા ફળિયું, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૩૦એ તેઓના સાસુ વસુબેન મણીલાલભાઈ ગામીતનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: વસુબેન મણીલાલભાઈ ગામીત ૨. મરણ તારીખ: ૨૬/૦૬/૨૦૦૨ ૩. મરણનું સ્થળ: મોજે.આમખુટા, તા.માંગરોળ, જી.સુરત સબબ, ઉપરોક્ત વિગતે વસુબેન મણીલાલભાઈ ગામીતના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૫/૦૧/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૩/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત